હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કેટલી ગરમી છે... આના પપ્પાએ મને એ.સી વગરના ઘરે કામ બાંધવાની ના જ પાડી દીધી છે...!!

જ્યાં સ્વચ્છતાની સૌથી વધુ જરૂર છે એવી સિવિલ હોસ્પિટલમાં અવારનવાર સ્વચ્છતા બાબતે પ્રશ્નો ઉઠતા રહે છે. સિવિલ હોસ્પિટલને સ્વચ્છ રાખવાની જેની જવાબદારી છે તે એજન્સી યોગ્ય રીતે કામ કરતી ન હોવાથી સિવિલ હોસ્પિટલમાં જ્યાં ત્યાં કચરો પડેલો જોવા મળે છે. સ્વાસ્થ્ય માટે આ કચરો ખૂબ જ નુકશાનકારક હોઈ તેને વહેલી તકે સાફ કરવો જરૂરી છે.

સેકટર-૨ ડી નવદીપ એપાર્ટમેન્ટના બંધ મકાનમાંથી રૂ.૨.૬૩ લાખની ચોરી

ગાંધીનગર,તા.૨૧

શહેરના સેકટર-૨ ડી નવદીપ એપાર્ટમેન્ટના બંધ મકાનના તાળા તોડી તસ્કરો ઘરમાં પ્રવેશી કરી બેડરૂમમાં રહેલી તિજોરીનો સામાન વેરણ-છેરણ કરી ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૨.૬૩ લાખ મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. જયારે સેકટર-૨ ડી માં મકાનમાં ચોરી થતા સ્થાનિક વસાહતીઓમાં પણ ભય ફેલાયો છે.

જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના વણગલા ગામના વતની સંજયભાઈ અભયરાજભાઈ ચૌધરી સેકટર-૨ ડી પ્લોટ નં.૧૦૩૪-૭ નવદીપ ફલેટ ખાતે પત્ની અસ્મિતા તેમજ દિકરી રીતુલ સાથે રહે છે.

ગત તા. ૯ એપ્રિલના રોજ સાંજના ૬ વાગે સંજયકુમાર ચૌધરી ઘર બંધ કરી પરિવાર સાથે સાસુ-સસરાના ઘરે સેકટર-૮માં ગયા હતા.જયારે આજે સંજયભાઈ વતન વણગલા ગામે હતા તે સમયે સવારના ૬ વાગે પાડોશી ભાવિનભાઈ સુથારનો ફોન આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે તમારા મકાનના દરવાજાનું લોક તુટેલી હાલતમાં છે. જેથી સંજયભાઈ પરિવાર સાથે તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચ્યા હતા.

નવદીપ ફલેટ ખાતે આવીને તપાસ કરતા ઘરના મુખ્ય દરવાજાની આગળ લોખંડની જાળીનું લોક તુટેલી હાલતમાં હતું. જયારે ઘરની અંદર નજર કરતા બેડરૂમમાં આવેલી લોખંડની તિજોરીનો દરવાજો ખુલ્લો હતો. અને અંદર રહેલા ડ્રોવર પણ તુટેલી હાલતમાં હતા અને સામાન પણ વેર વિખેર હાલતમાં પડ્યો હતો. લોખંડની તિજોરીના ડ્રોવરમાંથી એક સોનાનું મંગળસુત્ર આશરે ત્રણ તોલાનું કિં.૧.૭૦ લાખ, એક સોનાનું મંગળસુત્ર તેમજ બુટી આશરે રૂ.૧.૫ તોલાની કિ.૮૫.૩૫૦, અને એક કાળી બેગમાંથી રોકડા રૂ.૮ હજાર મળી કુલ રૂ.૨,૬૪,૦૫૦ ની મત્તાની ચોર થઈ છે. ઉલ્લેખનીય છે કે સંજયભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરે છે.જેથી તેઓ ઘરે બેસીને ઓફિસની કામગીરી કરે છે.જયારે તેમના પિતના તબિયત સારી ન હોવાથી તેઓ વતનમાં ગયા હતા અને તેમના પત્ની દિકરીને લઈ સેકટર-૮ ખાતે પિયરમાં રહેતા હતા. બનાવની જાણ થતા સેકટર-૭ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરી, ડોગ સ્કવોર્ડ તેમજ ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

શેઠને હિસાબ આપવા ગયેલા યુવકનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૩ સી ખાતે રાત્રીના સમયે શેઠના ઘરે હિસાબ આપવા ગયેલા સેલ્સમેનનું બાઈક ગ-૨ પાસેથી ચોરી થવા પામ્યું છે. યુવકે બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ગુડા આવાસ ખાતે રહેતો દિનેશ મિશ્રિલાલ પ્રજાપતિ અડાલજ ખાતે આર.આર.એન્ટરપ્રાઈઝ કંપનીમાં સેલ્સમેન તરીકે ફરજ બજાવે છે.તેના મોટાભાઈના નામે સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એફ.-૯૮૮૫ હતું. આ બાઈકનો ઉપયોગ દિનેશ નોકરીના સ્થળ પર આવન જાવન માટે કરે છે.ગત તા.૧૭ એપ્રિલના રોજ સંપૂર્ણ દિવસ દરમિયાન કંપનીએ જે પણ સેલીંગ કર્યું હોય તેનો હિસાબ આપવા માટે શેઠ અનિક અબ્બાસઅલી પઠાણ (રહે પ્લોટ નં.૬૩૦-૨ સે-૩ સી) ઘરે રાત્રીના ૧૧ કલાકે ગયો હતો.ત્યારે દિનેશે બાઈક ગ-૨ થી ઘ-૨ તરફ જતા માર્ગ પર કર્યું હતું. જયારે શેઠને હિસાબ તેમજ કેશ આપી રાત્રીના ૧.૩૦ કલાકે પાર્ક કરેલી જગ્યા પર બાઈક લેવા જતા ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં તપાસ કરતા મળી ન આવતા શેઠને ફોન કરી બોલાવ્યા હતા. શેઠ આવી જતા બંને જણાએ આસપાસના સેકટર તેમજ વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ આજદિન સુધી બાઈકની શોધખોળ કરવા છતા બાઈક મળી ન આવતા યુવકે રૂ.૩૫ હજારની કિંમતના બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

માણસા દુકાનમાંથી સટ્ટો રમાડતો સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગરના માણસાના શોપીંગ સેન્ટરમાં આવેલી દુકાનમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા શખ્સને એલસીબી પોલીસે પકડી પાડી કુલ રૂ.૭૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પકડેલા સટ્ટોડીયાએ પાંચ પાંચ લાખ રૂપીયામાં આઈડી પાસવર્ડ માણસાના શખ્સ પાસેથી ખરીદી એપ્લીકેશન બનાવી ઓનલાઈન સટ્ટો રમાડતા હોવાનું સામે આવતા બંને સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા નગરપાલિકા વિસ્તારમાં આવેલા શોંપીગ સેન્ટરમાં આવેલી દુકાનમાં આઈપીએલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડવામાં આવતો હતો.

ત્યારે એલસીબી પોલીસ મથકના બે કર્મચારીઓને જાણ થતા માણસા નગરપાલિકા સામે બાળકિટાગણ શોંપીગ સેન્ટર દુકાન નં-૩ દરોડો પાડી પ્રકાશ ઉર્ફે બી બાબુભાઈ ચૌધરી (રહે માણસા બાપુપુરા ગામ)આઈપીએલની મેચ પંજાબ -રોયલ ચેલેન્જર બેંગ્લોરની લાઈવ મેચ પર ગ્રાહકને સટ્ટો રમાડતા પકડાઈ ગયા હતા.

પોલીસે મોબાઈલ તપાસકરતા બીએમડબલ્યુબી ટી૭૭૭ ડોટ કોમ તેજમ બેટફેઈર૭૭૭.ઈન એપમાં ૯૯ બેડ ફેઈર ક્રિકેટ સટ્ટો રમી રહ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પ્રકાશ ચૌધરીની પુછતાછ કરતા માણસાના ગીરીજ દરજી પાસેથી રૂ. ૫ લાખ આપી બે આઈડીની ખરીદી કરી હતી.

પોલીસે સટ્ટોડીયા પાસેથી મોબાઈલ ફોન, ક્રિકેટ સટ્ટાના સાધનો મળી કુલ રૂ.૭૭ હજારના મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

એલઆઈસી ગોલ્ડન જ્યુબીલી ફાઉન્ડેશન તરફથી ક્રિશ્ના વૃધ્ધાશ્રમને ૭ સીટર કાર ભેટ અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

ક્રિશ્ના વૃધ્ધાશ્રમમાં રહેતા સિનિયર સિટીજનોને બહાર લઈ જવા તથા દેવદર્શને લઈ જવા માટે એલઆઈસી ગોલ્ડન જુબલી ફાઉન્ડેશન તરફથી ૭ સીટર રેનોલ્ટ ટ્રાયબર ગાડી ભેટમાં આપવામાં આવી છે જેથી સિનિયર સિટીઝનોમાં હર્ષની લાગણી પ્રસરી છે. ક્રિશ્ના વૃધ્ધાશ્રમના સભ્યો તથા સંચાલક રાજેશ ભટ્ટે એલઆઈસી ગોલ્ડન જુબલી ફાઉન્ડેશનનો ખુબ-ખુબ આભાર માન્યો હતો.

સે-૨ ૨ શોપીંગમાં મીટરબોક્ષમાં આગ ભભુકી

શહેરના સેકટર-૨ ૨ શોંપીગ સેન્ટરમાં સ્વામી વિવેકાનંદ એકેડમી જવાની સીડીઓ પાસે આજે બપોરના સમયે મીટર બોક્ષમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ ભભુકી ઉઠી હતી. મીટરબોક્ષમાં આગ ભભુકતા સ્થાનિક એકેડમી રહેલા વિદ્યાર્થીઓ અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જો કે આગના બનાવને પગલે વિદ્યાથીઓને અન્ય સીડીથી નીચે ઉતારી દેવાયા હતા. આગની જાણ થતા ફાયરટીમના જવાનો તાત્કાલીક પહોંચી ગયા હતા અને આગ પર કાબુ મેળવી લેતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.જો કે સદનસીબે મોટી દુર્ઘટના સર્જાતા અટકી ગઈ હતી. જો કે ગાંધીનગરમાં ઉનાળાના પ્રારંભે જ આગના બનાવમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે.

ઝુંડાલ-અડાલજ માર્ગ પર રીક્ષામાંથી વિદેશી દારૂની ૫૭ બોટલ ઝડપાઈ

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગરના ઝુંડાલ-અડાલજ માર્ગ ઉપરથી સીએનજી રીક્ષામાંથી વિદેશી દારૂની નાની બોટલ નંગ-૫૭ અડાલજ પોલીસે પકડી પાડી છે. અડાલજ પોલીસે દારુ કિં.૪૦૪૭, મોબાઈલ કિં.૫ હજાર તેમજ સીએનજી રીક્ષા કિં.૨૫ હજાર મળી કુલ રૂ.૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ઝુંડાલ કેનાલ પાસે આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે સીએનજી રીક્ષા નં.જી.જે.૨૭.સી.એકસ.-૭૩૯૪ માં ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી અડાલજ થી ઝુંડાલ હાઈવે થઈ અમદાવાદ તરફ જવાની છે. જેથી અડાલજ પોલીસના જવાનો ઝુંડાલ કેનાલ પાસે વોચમાં ઉભા હતા. તે સમયે ઉપરોકત વર્ણનવાળી રીક્ષા આવતા કોર્ડન કરી રીક્ષા રોકી પાડી હતી. પોલીસે રીક્ષા ચાલકનું નામ પુછતા નટવરભાઈ કાંતિભાઈ ઠાકોર (ઉ.૩૦ રહે,૯૯૯ હનુમાનનગર પીએનટી કોલોનીના છાપરા રાણીપ અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ચાલકની અંગજડતી લેતા મોબાઈલ મળી આવ્યો હતો. તે ઉપરાંત રીક્ષામાં તપાસ કરતા ઓરેન્જ ફલેવરની વોડકાની નાની બોટલ નંગ-૫૭ મળી આવી હતી. જેથી પોલીસે રીક્ષા, દારુ, મોબાઈલ કબ્જે લઈ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

બાલવા સબસેન્ટર ખાતેના મમતા સેશનમાં સગર્ભા અને ધાત્રી બહેનોને આરોગ્ય શિક્ષણ

ગાંધીનગર,તા.૨૧

આજ રોજ માણસા તાલુકા ના સોજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના બાલવા સબસેન્ટર ખાતેના મમતા સેશનમાં ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામક ડૉ.એસ.કે.મકવાણા , મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.જે. વૈષ્ણવ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પી.ડી.પાટીલ દ્વારા સુપરવિઝન કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામક ડૉ.એસ.કે.મકવાણા આવનાર તમામ સગર્ભાઁ અને ધાત્રી બહેનો ને રસીકરણ અને બાળકોની સાચવણી અંગેનું આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ અને આશાબહેનો, ફિમેલ હેલ્થ વર્કર ને સરકારની યોજના અને વિવિધ કાર્યક્રમોનું માર્ગદર્શન આપેલ. ત્યારબાદ માણસા તાલુકાના ચરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રની ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામક ડૉ.એસ. કે.મકવાણા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.જે. વૈષ્ણવ, જીલ્લા ક્ષય અધિકારી ડૉ.દીપક પટેલ ,તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પી.ડી.પાટીલ દ્વારા મુલાકાત

કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામક ડૉ.એસ. કે.મકવાણા દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રની તમામ કામગીરી અંગે સ્ટાફ સાથે સમીક્ષા કરેલ.ત્યારબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના તમામ દાંત વિભાગ, લેબર રૂમ, ફિજીયોથેરાપી રૂમ,દવા રૂમ, ઓપીડી વિભાગ, લેબોરેટરી વિભાગ, ગાયનેક વિભાગની મુલાકાત કરીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપેલ.આ મુલાકાત દરમ્યાન ચરાડા ગામના ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર કીટ સાહેબીના હસ્તે આપવામાં આવી હતી. ત્યારબાદ આજ રોજ માણસા તાલુકાના માણસા સબ ડિસ્ટ્રીક હોસ્પિટલની મુલાકાત કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામક ડૉ.એસ.કે. મકવાણા દ્વારા તમામ કામગીરી અંગે સ્ટાફ સાથે સમીક્ષા કરેલ.ત્યારબાદ સબ ડિસ્ટ્રીક હોસ્પિટલના તાત્કાલિક વિભાગ, બાળકોનો આઈસીયું વિભાગ, ઓપીડી વિસ્તાર, ગાયનેક વિભાગ, લેબર રૂમ, દાંત વિભાગ, લેબર રૂમ, ફિજીયોથેરાપી રૂમ, દવા રૂમ, લેબોરેટરી વિભાગ, પુરુષ વોર્ડ, મહિલા વોર્ડ, ઓકસીજન પ્લાન્ટ,વેકસીનેશન વિભાગ, સી.એમ. ટી.સી.સેન્ટર, કિશોર મૈત્રીપૂર્ણ સેવા કેન્દ્ર (એડોલેસન્ટ ફ્રેંડલી હેલ્થ સેન્ટર - એ.એફ. એચ.સી) ની મુલાકાત કરીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપેલ. વધુમાં કિશોર મૈત્રીપૂર્ણ સેવા કેન્દ્ર (એડોલેસન્ટ ફ્રેંડલી હેલ્થ સેન્ટર - એ.એફ.એચ.સી) ની મુલાકાત ડૉ.એસ.કે મકવાણા એ જણાવ્યું કે આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ તરુણીઓના પોષણમાં સુધારો, માનસિક સ્વાસ્થ્યમાં વધારો, હિંસાઓ અને ઈજાઓમાં અટકાવ, નોન કમ્યુનિકેબલ રોગમાં અટકાવ , જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય ને સક્ષમ કરવાનો છે.

ખૂણેખાંચરેથી

● ૨૪મીએ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક વિકાસ કમિશનરશ્રી યોજશે.

● આજે જિલ્લાના અધિક નિવાસી કલેક્ટરોની સમીક્ષા બેઠક ગાંધીનગરમાં યોજાઈ હતી.

● ગાંધીનગર મનપાના ડે. મેયર પ્રેમલસિંહ ગોલ ૧૫ દિવસ માટે વિદેશ ગયા છે.

● ગાંધીનગરમાં શનિ-રવિની રજાને પગલે બપોર પછી કચેરીઓમાં કર્મચારીઓએ ગુલ્લી વધુ મારી હતી.

● ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાઓનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયુ.

● આજે અક્ષયતૃતિયાનો દિવસ હોવા છતાં લગ્નોના મુહર્ત નથી અને શહેરના રંગમંચો પણ ખાલી છે.

● સામેત્રી ચાર રસ્તા નજીક બે બાઈકો વચ્ચે અકસ્માત થયો.

● ડભોડામાં બે જૂથો વચ્ચે મારામારી બાદ સામ સામે ફરિયાદો નોંધાઈ.

● માણસા ગામે આઈપીએલ મેચ પર સટ્ટો રમતો ઈસમ ઝડપાયો.

● ગ-૨ થી ઘ-૨ સર્કલ વચ્ચે રોડ પર પાર્ક કરેલુ બાઈક ગઠિયો ચોરી ફરાર થયો.

● અડાલજથી અમદાવાદ રિક્ષા મારફતે લઈ જવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો પકડાયો.

● કલોલમાં ત્રણ શખ્સોએ યુવતીના ગળામાંથી સોનાની ચેઈન અને મોબાઈલની લૂંટ ચલાવી.

● ગાંધીનગર શહેરના નવા સેક્ટોરમાં પાણીનો પ્રશ્ન વણ ઉકલ્યો રહ્યો છે.

● પાણી, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે ગાડીઓની અનિયમિતતા અને પરીક્ષાના માહોલ વચ્ચે ગૃહીણીઓ ત્રાહિમામ પોકારી ઉઠી છે.

● ગાંધીનગર શહેરમાં ઉંદરો, વંદા તેમજ ઉધઈના પ્રશ્નો વધવા પામ્યા છે.

● શહેરમાં કપિરાજાઓના આતંકથી પણ નગરજનો પરેશાન છે.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના કેસો વધી રહ્યા છે.

● મતદાર યાદી માટે નિમાયેલા નિરીક્ષક એ.કે. નિરાલા આજે કલેક્ટર કચેરી આવ્યા હતા. તેમણે રાજકીય પ્રશ્નો અને મતદાર નોંધણી અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સતત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદો વધી.

સેક્ટર-૨૧ જિમખાનામાં સમર કોચીંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ઉનાળામાં શાળાઓમાં સમર વેકેશનની શરૂઆત થતા જ ઠેર ઠેર સમર કેમ્પનું આયોજન થાય છે અને બાળકો હોંશે હોંશે તેમાં જોડાય છે. ગાંધીનગર સેક્ટર-૨૧ સ્થિત સચિવાલય જિમખાનામાં પણ તારીખ ૨૫ એપ્રિલથી ૧૮ મે-૨૦૨૩ દરમિયાન સમર કોચીંગ કેમ્પનું આયોજન કરાયુ છે. આ કેમ્પમાં વિવિધ રમતો અને પ્રશિક્ષણ આપવામાં આવશે. જેમાં ટેનિસ, કરાટે, સ્વિમીંગ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, સ્કેટીંગ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્પષ્ટતા

ગાંધીનગર સમાચારના તા. ૨૧-૦૪-૨૦૨૩ના અંકમાં પાના નં. ૩ પર છપાયેલ સમાચાર ''આઈઆઈટીના વિદ્યાર્થીનો ટ્રેન નીચે પડતું મુકીને આપઘાત''માં મુદ્રણ દોષને કારણે ''આઈઆઈટીઈ''ની જગ્યાએ ''આઈઆઈટી''લખાયું છે જેથી વાચકોએ આ સમાચાર '' આઈ આઈ ટીઈ''ના વિદ્યાર્થીનો ટ્રેન નીચે પડતું મુકીને આપઘાત'' વાંચવા વિનંતી. શરતચૂકથી થયેલ ક્ષતિ બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ.